મ્યુ.કમિ.શ્રીના પત્ર, હેલ્થ ખાતુ નં.૧૧ તા.૨૪-૦૭-૨૦૨૩ ઉપર થયેલા સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવની નકલ.

સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ ગુરુવાર તા.૨૭-૦૭-૨૦૨૩ના રોજ સાંજના ૦૪-૦૦ વાગે સ્ટે.કમિટી રૂમ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ ખાતે મળી હતી તેમાં થયેલ ઠરાવની નકલ.

કામ નં. ૦૫ ઠરાવ નં.૪૦૩ સને ૨૦૨૩-૨૦૨૪

ઠરાવ કર્યો કે મ્યુ.કમિ.શ્રીના પત્ર નં.૧૧ તા.૨૪-૦૭-૨૦૨૩ની સઘળી હકીકતથી વિદિત થઈ ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ,૨૦૨૧ વિધાનસભામાં પસાર કરવામાં આવેલ, તા.૧૩/૦૯/૨૦૨૨ ના રોજ રાજ્યમાં અમલીકરણ થયેલ અને તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) રૂલ્સ-૨૦૨૨ ઘડવામાં આવ્યા જેનું તા.૨૮/૦૯/૨૦૨૨ ના ગેઝેટ નોટીફીકેશન પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે એક્ટ અમલમાં આવતા ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ,૧૯૪૯ રદ્દ કરવામાં આવેલ છે. પત્ર સાથે સામેલ સંયુક્ત સચિવશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પત્ર ક્રમાંક : HFWD/MSM/e-FILE/2023/3812/A તા.૦૪-૦૭-૨૦૨૩ થી ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ,૧૯૪૯ હેઠળ કાર્યવાહી ન કરવા સુચના મળેલ હોઈ, અમદાવાદ શહેરમાં આવેલ ખાનગી નર્સિંગ હોમ / હોસ્પિટલ ને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન ખાતે હેલ્થ ખાતા દ્વારા ઇસ્યુ કરવામાં આવતા ફોર્મ-સી રજીસ્ટ્રેશન અંગેની કાર્યવાહી બંધ કરવાની મ્યુનિ.કમિશ્નરશ્રીની મળેલ મંજૂરી અનુસાર મંજૂરી આપવામાં આવે છે.

એડી.એમ.ઓ.એચશ્રી
R.B.D ખાતું
આ સાથે સ્ટે.કમિટી તા.27/ 7/૨૦૨૩
ના ઠરાવ નં ૫૦૩ની નકલ આપના
ખાતાના કામની મુળ ફાઇલમાં/તા.કા.ની
દરખાસ્તની મુળ ફાઇલમાં સામેલ કરી
મોકલેલ છે. જે આપના ખાતે જરૂરી
કાર્યવાહી કરવા વિનંતી છે.

ઈન્વર્ડ નં. ૫૦૩ સંકલન અધિકારી
તા.1 /8 /૨૦૨૩ (બોર્ડ કમિટી)

ADD M.O.H. OFFI
No. 1716
Date 04 / 08 / 23

ખરી નકલ તા.૨૮-૦૭-૨૦૨૩

નકલ રવાના - મ્યુ.કમિ.શ્રી તરફ

ડે.ચ એચ.સ આસી.ટુ સ્ટે.કમિટી મ્યુ.સેક્રેટરી